**ભારતમાં પણ ત્રીસેક કરોડ વાહનો છે. જેમાં 21 કરોડ ટુ વ્હીલર અને સાત કરોડ ફોર વ્હીલર્સ કે તેથી વધુ પૈડાનાં ટ્રક-ટ્રોલી વગેરે વાહનો છે. તે સામે 2024માં ભારતમાં દરેક રાજ્યોના કુલ આંકડા મળતા નથી. માત્ર 24 રાજ્યો અને સંઘપ્રદેશોમાં મળીને કુલ એક લાખ સિત્તેર હજાર જણ માર્યા ગયા નથી. આ ફીગર્સમાં પશ્ચિમ બંગાળમાં સર્જાયેલાં અકસ્માતોનો સમાવેશ થયો નથી. પરંતુ ત્યાંની સરકારે મોડે મોડે જાહેર કરેલા આંકડાઓ મૂજબ 2024માં બંગાળમાં છ હજારથી વધુના માર્ગ અકસ્માતમાં મરણ પામ્યા હતા. એ મળીને પોણા બે લાખથી વધુ માણસો મરણ પામ્યા.**



# માર્ગ અકસ્માતો સાથે સરકાર ને પ્રજાને પ્રીતિ બંધાઈ ગઈ છે

**કબીરા ખડા બજાર મેં**
વિન્સી મરચન્ટ

શું સાપટ, સમથળ રસ્તાઓ હોય તો અકસ્માતોનું પ્રમાણ ઘટી જાય? થોડા મહિનાઓ અગાઉ દેશની સર્વોચ્ચ અદાલતે દેશમાં ઉત્તમ શ્રેણીનાં હાઈવેથી ગ્રામ્ય વિસ્તાર સુધીના માર્ગોનું અદ્યતન નેટવર્ક રચવા માટે કેન્દ્ર સરકારની પ્રસંશા કરી હતી. તે વખાણથી કેન્દ્રીય માર્ગ વાહન વ્યવહાર અને ધોરી માર્ગોની પ્રધાન નીતિન ગડકરી જરૂર ખુશ થયા છે. એ છેલ્લા દસ બાર વર્ષથી દેશના રસ્તાઓ, પૂલો તેમજ વાહનોનાં ઈંધણ વિષે આશાસ્પદ અને મહત્વાકાંક્ષી વાતો કરી રહ્યા છે. ઈથેનોલ અને વૈકલ્પિક ઊર્જા સોર્સીઝની બાબતમાં એમનું ધાર્યું પુરવાર થયું નથી. એક જગ્યાએ દેખાતો ફાયદો મેળવવા જઈએ તો બીજી જગ્યાએ નુકસાન ભોગવવું પડે છે. ઈથેનોલમાં આવું બને છે તેથી ગડકરીની એ ઊર્જા ખાસ ખપમાં આવી નથી. છતાં એમણે પ્રયત્નો કર્યા તેની કદર થવી જોઈએ. હાઈવેઝ બાંધવામાં એમની ધગશ અને ચીવટ કામ આવ્યા છે. પરંતુ રસ્તાઓ સ્મૂથ બન્યા તેથી અકસ્માતો ઘટવા જોઈએ તેને બદલે વધી ગયા છે. તે માટે માત્ર સારા રસ્તાઓને દોષ આપી ન શકાય, પણ તે માટે અનેક બાબતો જવાબદાર છે. જો તેમાંથી કોઈ પણ એક બાબત પર લલિયાવાડી ચલાવી લેવામાં આવે તો સારાં વાહનો, સારા માર્ગો, નવી નવી પ્રગતિ વગેરે આશીર્વાદને બદલે અભિશાપમાં ફેરવાઈ જાય છે.



અકસ્માતો અટકાવવા માટે સરકારે જે કરવા જોઈએ તે નહીં કરીને માત્ર શણગાર જેવાં લોકોની નજરમાં ચડે તે હેતુના પ્રયત્નો કરે તો મજાની કોમેડી બની રહી છે અને કેવા કેવા માર્ગ અકસ્માતો સર્જાઈ રહ્યા છે? કોઈક દિવસે એક જ વાહનમાં બેઠેલા સાત આઠ અને કોઈક દિવસે બે કે વધુ વાહનમાં બેઠેલા પંદર-વીસ કે ચાલીસ પચાસ માર્યા જાય છે. ખાસ કરીને પ્રવાસે જવા નિકળેલાં વાહનોને વધુ અકસ્માત થાય છે. ધાર્મિક મહાત્મ્ય માતમમાં ફેરવાઈ જાય છે. ઘરે સુખેથી બેઠા હતા એ લોકો કોઈ દૂરના સ્થળે મરણને ભેટે છે અને અનેક અસામાન્ય વિપદાઓનો સામનો કરે છે. સવાલ એ છે કે માર્ગો સારા થઈ ગયા તેથી શું થઈ ગયું? થોડા દિવસો અગાઉ એક માહિતી અધિકારીની અરજીના જવાબમાં ગુજરાત સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે વર્ષ 2021 થી 2025 સુધીમાં ગુજરાતમાં 79,054 (લગભગ 79 હજાર) અકસ્માતો સર્જાય હતા અને તેમાં કુલ 38,530 લોકોનાં મરણ નીપજ્યાં હતાં.

અનુંસંધાન પાના 7 પર

# નવો વકીલ, નવો દાવ: હવે વ્હાઈટને ચિતરો બ્લેક

**ક્રાઈમ કોડ**
પ્રફુલ શાહ

બ્રિટિશ સમાજ, હાઈ સોસાયટી અને ટેબ્લોઈડ અખબારો, એવલિન, નેસ્બિટ, સ્ટેનફોર્ડ વ્હાઈટ અને હેરી કે થોના લવ, લસ્ટ અને મર્ડરની ગોસિપમાં ગળાડૂબ હતા. આવાં મોટાં નામ, ધનવાનોના સેક્સ સેકન્ડલ કમ મર્ડર જેવો મસાલો થોડો રોજેરોજ મળતો હોય?

સૌની નજર અદાલતની સુનાવણી પર હતી. ચોથી ફેબ્રુઆરીએ જસ્ટિસ જેમ્સ ફિલ્મગેરાલ્ડની સમક્ષ સરકારી વકીલે બે કલાકમાં રૂફટોપ મર્ડરની વિગતો આપી. આ ઘટનાને સગી આંખે નિહાળનારા વૉર્નર પેકસને ગોળીબારનું વર્ણન કરવા સાથે પોતે કેવી રીતે હેરી થોને લિફ્ટમાં નીચે લઈ ગયો એનું વર્ણન કર્યું. પેકસને અદાલતને એક મહત્ત્વનો મુદ્દો આપ્યો કે નીચે લઈ જતી વખતે હેરીએ આ ખૂન કર્યાની કબૂલાત કરી હતી. એ જ દિવસે કોરોનર ટીમોથી કહાનેએ જુબાનીમાં જાહેર કર્યું કે ખોપડીમાં દેખાતા ઘા પિસ્તોલની ગોળીના છે અને એને લીધે સેરેબ્રલ હેમરેજ (બ્રેન હેમરેજ અર્થાત મગજમાં રક્તસ્ત્રાવ) ને લીધે સ્ટેનફોર્ડ વ્હાઈટનું ઘટનાસ્થળે મોત થયું હતું.

આટલું હેરીને ગુનેગાર સાબિત કરવા માટે પૂરતું હતું એવું સૌ માનવા લાગ્યા. પહેલી નજરે તેઓ ખોટા ય નહોતા. છતાં બધાને ઉત્સુકતા ઘણી કે હવે આરોપીના વકીલ કેવી દલીલ કરશે? લંચ રિસેસ પછી બચાવ પક્ષના એટર્ની જોહન ગ્લિસને પોતાનું પ્રારંભિક ઔપચારિક નિવેદન કર્યું જેમાં કોઈ વિશેષતા ન હોય એ સ્વાભાવિક હતું. એના પછી ગ્લિસન પોતાનું હુકમનું પત્તું ઊતર્યા. ‘‘સ્ટેનફોર્ડે પોતે ઈશ્વરના દૂત હોવાની ભ્રમણામાં આ હત્યા કરી હતી એ હું પુરવાર કરી આપીશ.’’ પોતાના વ્યૂહની વધુ સ્પષ્ટતા કરતા તેમણે જાહેર કર્યું કે હેરી થો છેલ્લાં ત્રણ વર્ષથી મગજની એક બીમારીથી પીડાતો હતો જે તેને ખૂન કરવા સુધી દોરી ગઈ. આ પાગલપન માટે તેમણે બે બાબતને જવાબદાર ગણાવી. વંશપરંપરાગત સ્વભાવ અને તાણ.



**આ મુદ્દો એક જ વ્યક્તિ સાબિત કરી શકે એમ હતી અને એ પણ સૌથી વધુ પ્રભાવશાલી શૈલીમાં એનું નામ હતું મિસિસ એવલિન નેસ્બિટ હેરી કે થો એની જુબાની જ સ્ટેનફોર્ડ વ્હાઈટને શૈતાન ચિતરી શકે એમ હતી**

ગ્લિસને જ્યુરીને વચન આપ્યું કે એવલિન નેસ્બિટના મોઢે જ સાંભળીશું કે થોના મનમાં વ્હાઈટ પ્રત્યે કેવું ભયંકર વળગણ હતું. જજ, સરકારી વકીલ, જ્યુરી, પત્રકારો અને સુનાવણીમાં ઉપસ્થિત બધા માટે આ કંઈક અલગ બાબત હતી. પરંતુ શું આવું સાબિત થઈ શકે? જ્યુરીને ગળે બધી દલીલ ઊતરશે ખરી?

આ દિશામાં સૌથી પહેલા સાક્ષી આવ્યા ડૉ. સી. સી. વીલે. હેરી થોના આ ફેમિલી ડૉક્ટરે અભિપ્રાય આપ્યો કે સ્ટેનફોર્ડની હત્યા એ પાગલ માણસનું કામ છે. હત્યા બાદ થોના પત્ની સમક્ષનો દાવો ‘મેં તારી જિંદગી બચાવી લીધી’ એ આનો પુરાવો છે. ત્યાર બાદ કઠોડામાં આવ્યા બેન્જામિન બોમેન. મેડિસન સ્કવેર ગાર્ડનના આ ડોરકિયરે જુબાનીમાં જણાવ્યું કે 1903 ના ડિસેમ્બરમાં એવલિન થિયેટર જવા માટે સ્ટેનફોર્ડ સાથે નીકળી છે. એવી માન્યતા સાથે હેરી થોને ગજવામાંથી પિસ્તોલ કાઢીને ગજર્યા હતા કે હું એને ધોળે દિવસે મારી નાખીશ.

અને હેરી થોએ બચાવ પક્ષના વકીલ તરીકે જોહન ગ્લિસને ગડગડિયું આપી દીધા બાદ આવ્યા સાનફ્રાંસિસ્કોના ડેલ્ફિન ડેલ્માસ. આ માણસ ક્યારેય કોઈ કેસ ન હારવા માટે જાણીતો હતો.

વકીલ બદલવા સાથે બચાવ પક્ષની રણનીતિએ એકદમ શિર્ષાસન કરી લીધું. હવે હેરી થોના કથિત ગાંડપણના મુદ્દાને દફનાવી દેવાયો. આને બદલે ડેલ્માસે એવો વ્યહ અપનાવ્યો કે જ્યુરી મૃતકને ભારોભાર નફરત કરે અને એવા માણસને મારી નાખવા બદલ પોતાના અસીલને માફ કરી દે. એવું શકય થાય ખરું?

આ મુદ્દો એક જ વ્યક્તિ સાબિત કરી શકે એમ હતી અને એ પણ સૌથી વધુ પ્રભાવશાળી શૈલીમાં એનું નામ હતું મિસિસ એવલિન નેસ્બિટ હેરી કે થો એની જુબાની જ સ્ટેનફોર્ડ વ્હાઈટને શેતાન ચિતરી શકે એમ હતી પરંતુ આ માટે તેણે પોતાના ભૂતકાળના માંડ ભૂલાયેલા પીડાદાયક પ્રકરણોને ઉલેખવાનાં હતાં અને એ પણ છડેચોક. આ કલ્પનાથી જ એવલિનને ગભરામણ થવા માંડી. હલકા ચક્કર આવવા માંડ્યા. શું દશેરાના દિવસે જ સૌથી મહત્ત્વનો અને એક માત્ર અશ્વ નહિ દોડે? (ક્રમશઃ)

## ઈંડિયાએઆઇ મિશન હાલમાં વડાહીન છે!

ફેબ્રુઆરી 2026 માં નવી દિલ્હીમાં યોજાયેલા ઇન્ડિયાએઆઇ ઇમ્પેક્ટ સમિટને લગતા વિવાદોએ ઇન્ડિયાએઆઇ મિશનના સીઇઓ અભિષેક સિંહને હટાવવા સાથે ભારે અસર કરી છે. ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયમાં અધિક સચિવનો હવાલો સંભાળતા અધિકારીને નેશનલ ટેસ્ટિંગ એજન્સીના ડિરેક્ટર જનરલ તરીકે ખસેડવામાં આવ્યા છે. યાદ કરી શકાય છે



કે એક સફળ સમિટમાં ચીની રોબોડોગને લઈને વિવાદો થયા હતા, જેને ખાનગી રીતે સંચાલિત નોડિયા સ્થિત ગલગોટિયા યુનિવર્સિટી દ્વારા સ્વદેશી નવીનતા તરીકે પાસ કરવામાં આવ્યો હતો. સ્થળ પર વાઇફાઇ કનેક્ટિવિટી અંગે પણ ફરિયાદો હતી જેના કારણે મુલાકાતીઓને ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાને બદલે રોકડમાં ચૂકવણી કરવાની ફરજ પડી હતી. ડિજિટલ અને એઆઇ ટેક્નોલોજીમાં ભારતની પ્રગતિ દર્શાવવા માટે યોજાયેલા એક કાર્યક્રમમાં આ એક મુખ્ય ચર્ચાનો મુદ્દો બન્યો. અભિષેક સિંહ આ કાર્યક્રમના પ્રભારી હતા. સ્પષ્ટપણે, વિવાદો સત્તાવાળાઓ સાથે સારા નહોતા, પરિણામે સમિટના થોડા અઠવાડિયા પછી તેમની બદલી કરવામાં આવી. ઇન્ડિયાએઆઇ મિશન હાલમાં વડાહીન છે કારણ કે અભિષેક સિંહના અનુગામીની હજુ સુધી નિમણૂક કરવામાં આવી નથી. આનાથી ૧૦,૩૭૨ કરોડ રૂપિયાના ઇન્ડિયાએઆઈ પહેલમાં વિક્ષેપ પડ્યો છે, જે જાહેર એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે છે. દરમિયાન, ચીની રોબોડોગ પર તોફાન મચાવનાર ગલગોટિયા યુનિવર્સિટીના મહિલા પ્રોફેસરનું ભાવિ અસ્પષ્ટ છે. તેમણે દાવો કર્યો હતો કે રોબોટ યુનિવર્સિટીમાં બનાવવામાં આવ્યો હતો અને તેનું નામ ઓરિયન હતું જ્યાં સુધી સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો ન હતો કે તે ખરેખર મેડ ઇન ચાઇના છે. પ્રોફેસરને તપાસ સુધી યુનિવર્સિટીમાં રહેવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ અધિકારીઓ હવે મૌન છે.

## અમિત શાહ આપેલા વચન ભૂલી ગયા?

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

પશ્ચિમ બંગાળમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી પહેલા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાંકુરા જિલ્લાના એક ગામમાં એક આદિવાસી ઘરમાં બપોરનું ભોજન કર્યું હતું. વિડંબના એ છે કે રાહુલ ગાંધી દ્વારા શરૂ કરાયેલી, એક સમયે ટોચના રાજકીય નેતાઓ માટે દલિત અને આદિવાસી પરિવારોના ઘરે જવાની, તેમની સાથે જમવાની અને તેમને દુનિયાનું વચન આપવાની ફેશન બની ગઈ હતી. એક હિંમતવાન પત્રકાર દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે 2021 ની રાજ્ય ચૂંટણીના થોડા મહિના પહેલા 2020 માં શાહ જે ઝૂંપડીમાં ગયા હતા તે આદિવાસી પરિવાર ખરેખર ગરીબીમાં ડૂબી ગયો છે. ગૃહમંત્રીએ પરિવારને



વચન આપ્યું હતું કે તેમની ડાયાબિટીસ પુત્રીની સારવાર નવી દિલ્હીના ઓલ ઈન્ડિયા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસમાં કરવામાં આવશે. પરંતુ ચૂંટણી પછી, આ વચન ભૂલી ગયા. દરમિયાન, પિતાને કિડનીની ગંભીર સમસ્યા થઈ ગઈ છે અને તેઓ જે ઈંટના ભઠ્ઠામાં નોકરી કરતા હતા ત્યાં હવે કામ કરી શકતા નથી. પરિવાર ગુજરાન ચલાવવા અને પિતા અને પુત્રી માટે દવાઓની વ્યવસ્થા કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. વિડંબના એ છે કે શાહ એકમાત્ર રાજકીય નેતા નથી જે ચૂંટણી પછી પરિવાર વિશે ભૂલી ગયા હતા. ભાજપનો ગર્જના ચોરી કરવાના પ્રયાસમાં, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર પુત્રીના તબીબી ખર્ચનું ધ્યાન રાખશે. શાહના પરિવાર સાથેના લંચ પર X પર ચર્ચા થયા પછી તેમણે આ કર્યું. જોકે, તેઓ પણ ચૂંટણી પહેલા પરિવારને આપેલા વચનને ભૂલી ગયા હોય તેવું લાગે છે. ગરીબ પરિવારને પિતા અને પુત્રીના માસિક ૧૦,૦૦૦ રૂપિયાના તબીબી બિલનો ખર્ચ ઉઠાવવા માટે પોતાનો ખર્ચ ઉઠાવવાનો વારો આવ્યો છે.

## સેન્ટ્રલ વિસ્ટા નવનિર્માણ પ્રોજેક્ટને કારણે ભવ્ય વૃક્ષોના નાશ

રાજપથ (હવે કર્તવ્ય પથ તરીકે ઓળખાય છે) પર મોદી સરકારના મહત્વાકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા નવનિર્માણ પ્રોજેક્ટને કારણે આ વિસ્તારના ભવ્ય વૃક્ષોના આશરે ૪૩% ભાગનો નાશ થયો છે. સરકારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં આ વાત સ્વીકારી હતી. શહેરી વિકાસ મંત્રીએ સંસદમાં માહિતી આપી હતી કે સેન્ટ્રલ વિસ્ટા પર બાંધવામાં આવેલી નવી સરકારી ઇમારતો માટે માર્ગ બનાવવા માટે ૩,૬૦૯ વૃક્ષો ઉખેડી નાખવામાં આવ્યા હતા અને અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા.



તેમાંથી ૧૫૪૫ વૃક્ષો મરી ગયા છે. આ મોટાભાગના જાંબાના વૃક્ષો હતા જે બ્રિટિશ સંસ્થાનવાદી સરકારે સેન્ટ્રલ વિસ્ટા પર હરિયાળું આવરણ પૂરું પાડવા માટે વાવ્યા હતા, જેના કારણે આ વિસ્તાર એક મુખ્ય પ્રવાસી આકર્ષણ બની ગયો હતો. જોકે, નવી સંસદ ભવન અને મોટી સંખ્યામાં સચિવાલયની ઇમારતો માટે માર્ગ બનાવવા માટે મોટાભાગના વૃક્ષો દૂર કરવા પડ્યા હતા, જે એક ફૂલેલા અમલદારશાહીને રહેવા માટે બનાવવામાં આવી હતી. ઉખડી ગયેલા વૃક્ષોના વળતર તરીકે શહેરમાં અન્યત્ર હજારો વૃક્ષો વાવવામાં આવ્યા હોવા છતાં, સેન્ટ્રલ વિસ્ટા પોતે જ ખંડિત છે.

